	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૦૯/૦૪/૨૦૨૨ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૬૩૨/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૬	૦	૧૩૬	૪૧૩	૦	૪૧૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૯	૦	૧૦૦૬૮૯	૧૦૯૫૯૧	૦	૧૦૯૫૯૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૩	૫,૧૯,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૩૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૫૩૧ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૧ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૨૧૬ બિયર ટીન અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૩૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૬૩૫/૨૦૨૨**

ચાંદખેડાઃ ગોપીકિષ્ના ગોપાલકિષ્ના શ્રીવાસ્તવ (રહે.જાનકીનંદન બંગ્લોઝ, મોટેરા) એ તા.૦૮/૦૪/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૪/૨૦૨૨ બપોરના ૧/૩૦ થી તા.૦૭/૦૪/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો અને તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા, ચાંદીની બે મુર્તીઓ, મોબાઇલ ફોન નંગ-૨, યાસીકા કંપનીનો કેમેરો, ટાઈટન કંપનીની ઘડીયાળ મળી કુલ કિમત રૂપિયા ૧,૨૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.રહેવર ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૬૩૬/૨૦૨૨**

સોલા હાઇકોર્ટઃ સુખદેવ સ/ઓ ચુલહાઇ તથા રાકેશ સ/ઓ જયકિશન સહાની (બંને રહે, મ.નં.ઈ/૯૧/૧૦૮૩ ગોતા હાઉસિંગ) નાઓ તા.૦૮/૦૬/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ગોતા ખાતે આવેલ “માહી મારબલ” ખાતે ટ્રકમાંથી મારબલ પથ્થરની સ્લેપ ઉતારવાનું કામ કરતા હતા દરમ્યાન મારબલની સ્લેપ રાકેશ તેમજ સુખદેવ ઉપર પડતા બંને જણા મારબલની સ્લેપ નીચે દબાઇ જતા તેઓનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

ડુબી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૬૩૭/૨૦૨૨**

સરખેજઃ કિશનભાઇ કાંતીભાઇ દંતાણી (ઉ.વ.૩૩)(રહે.ગણેશનગર, ભાઠા વાસણા) તા.૦૪/૦૪/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે વાસણા ખાતે કેનાલમાં નહાવા જતા ડુબી ગયા હતા. જેઓની લાસ તા.૦૮/૦૪/૨૦૨૨ કલાક ૧૧/૨૫ વાગ્યાના સુમારે સરખેજ ફતેવાડી આર.સી.સી.રોડ મીમનગર-૩ સામે કેનાલના પાણીમાંથી મળી આવી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મિલનકુમાર એલ.રામાણી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૩૮/૨૦૨૨**

રીવરફ્રન્ટ વેસ્ટઃ હિતેષભાઈ ભેમાભાઈ પરમાર (ઉ.વ.૨૩)(રહે.દશામાંની ચાલી, કેલિકો મિલની પાછળ, બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૨ કલાક ૧/૩૦ વાગ્યા પહેલા રહેણાંક નજીક કેલીકો મીલ પાછળ વોક વે નજીક નદીના પાણીમાં ઝંપલાવી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાજેશકુમાર દુરબીનસિહ ચલાવે છે.

રીવરફ્રન્ટ ઇસ્ટઃ કૈલાસભાઇ ઉર્ફે કનુભાઈ સ/ઓ વાલાભાઇ સોલંકી (ઉ.વ.૪૨)(રહે.ખોડીયાર માતાની ચાલી નરસિહનગર સોસાયટીની બાજુમા જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૨ બપોરના ૪/૫૦ વાગ્યા પહેલા રીવરફ્રંટ ગાર્ડનની પાછળના ભાગે વોકવે ઘાટ નંબર-૫ પાસે નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ મફતાજી ચલાવે છે.

આનંદનગરઃ ગંગાબહેન જેસીંગભાઈ ગોહીલ (ઉ.વ.૨૧)(રહે,કર્ણાવતી હાઉસિંગ બોર્ડના મકાન, ફાયર સ્ટેશનની બાજુમાં, કોર્પોરેટ રોડ આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૨ સવારના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઇ હમીરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.